॥ શ્રી ॥

શ્રી શૃંગેરીમઠાધીશ્વર શંકરાચાર્ય મહારાજને સમ્મત કાશીના સુપ્રસિદ્ધ પંડિતોના

નગરથી બહાર પડેલો

પરદેશગમન નિષેધક

શાસ્ત્રાર્થનો

ગુર્જરભાષાનુવાદ.

व्रत ग्रत्नन मरक्षेत विन्तमति ... ति च ।
अर्क्षाणा वित्तन क्षाणा व्रततम्ह हना न्त ॥

અર્થ ધર્મનુ ... વનતો આને
... મનથી હીન થએના ને ... નથી
... છે

...

પ્રકાશક

શ્રીયુત દયાશંકર દેવશંકર દવે.

... ૪

વિક્રમાબ્દ

૧૯૭૭

અમૂલ્ય

શ્રી



શ્રીમત્ શૃંગેરીમઠાધીશ્વર
શંકરાચાર્ય મહારાજને સમ્મત કાશીના
સુપ્રસિદ્ધ પંડિતો તરફથી બહાર પડેલો.

પરદેશ ગમન નિષેધક
શાસ્ત્રાર્થનો
ગુર્જરભાષાનુવાદ.

કાશીના પંડિતોની સભા.

બિહાર પ્રાંતના સારન જીલ્લાના કેટલાક કાયસ્થ પુરૂષોની સ્વજ્ઞાતિના વલીયા જીલ્લાના રહીશ ડા. ગણેશ પ્રસાદ, જેઓ વિલાયત જઇ સ્વદેશ પાછા ફર્યા હતા, તેઓની સાથે ખાનપાનાદિ સર્વ વ્યવહાર કરવાની ઇચ્છા થઈ હતી. એવું "બિહાર ટાઇમ્સ" તા. ૧૫ એપ્રિલ સને ૧૯૦૪ ના અંક પરથી માલુમ પડતાં બાબુ દુર્ગાપ્રસાદ તથા બાબુ યદુનાથ સહાય તરફથી વિલાયત જનાર સાથે ખાનપાનાદિ સર્વ વ્યવહાર કરવો

ધર્મશાસ્ત્રાનુસાર છે કે નહિં? તે માટે વિચાર કરવા સારન જીલ્લાની કાયસ્થ જ્ઞાતિની એક સભા તા૦ ૨૯ મે સને ૧૯૦૪ તથા તા૦ ૩૦ મે સને ૧૯૦૪ ના દિવસોએ પંચ મંદિરમાં બોલાવવામાં આવી હતી. સભામાં વિચાર કરવાનો વિષય ધર્મશાસ્ત્રને આધીન હોવાથી ધર્મશાસ્ત્રને જાણનારા મહાન્ વિદ્વાનોને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. સભામાં બે હજારથી વધુ કાયસ્થો ઉપરાંત કાશીનિવાસી જગદ્વિખ્યાત મહામહોપાધ્યાય શ્રી પંડિત શિવકુમાર શાસ્ત્રીજી; નિપેજ (જીલ્લા આરા) નિવાસી શ્રીપંડિત શિવનારાયણ ઓઝા શાસ્ત્રીજી; મૌજે હાંસાપોર (જીલ્લા સારન) નિવાસી શ્રીપંડિત ત્રિવિક્રમ ત્રિવેદીજી. ઓઝા (જીલ્લા સારન) નિવાસી શ્રીપંડિત હરિવંશદત્ત મિશ્રજી, છપરા જીલ્લા સ્કુલના હેડ પંડિત, સાંખ્યયોગ વ્યાકરણ સાહિત્યાચાર્ય શ્રીપંડિત રઘુનંદન ત્રિપાઠીજી: પટના કોલેજના સંસ્કૃતાધ્યાપક કાવ્યતીર્થ શ્રીપંડિત દેવદત્ત ત્રિપાઠીજી; નિમેજ (જીલ્લા આરા) નિવાસી શ્રીમહેશ્વરદત્ત ઓઝાજી શ્રીપંડિત રામચંદ્રમિશ્રજી, તથા અન્ય પંડિત મહોદય ગણો પણ હાજર હતા. સભાપતિ બાબુ યદુનાથ સહાયની સવિનય વિનંતિથી, સમસ્ત પંડિત મંડળીની સંમતિથી, ઉકત વિષય સંબંધી જે વ્યવસ્થા નકકી થઇ હતી તે **કાશીનિવાસી જગવિદ્વવિખ્યાત મહામહોપાધ્યાય શ્રીપંડિત શિવકુમારમિશ્રે** સંક્ષેપમાં વ્યાખ્યાન રૂપે સંભળાવી હતી. એ નકકી થએલી વ્યવસ્થા સંસ્કૃતમાં છૂટી છપાઇ છે; અને તેનો ભાષાનુવાદ સર્વની જાણ માટે ગુજરાતી ભાષામાં પ્રકટ કરીએ છીએ.

આ વિષયમાં પ્રથમ સમુદ્રયાન. દ્વિજોને સામાન્યતઃ ધર્મશાસ્ત્રમાં નિષિદ્ધ છે કે નહિં ? અને ધર્મશાસ્ત્રમાં નિષિદ્ધ છતાં પણ તે પાતિત્યનો હેતુ છે કે નહિં ? અને પાતિત્યનો હેતુ હોવા છતાં પણ તેનું પ્રાયશ્ચિત છે કે નહિં ? અને પ્રાયશ્ચિત હોવા છતાં પણ તે પ્રાયશ્ચિતથી પવિત્ર થયેલા દ્વિજોનો ભોજનાદિ સંસર્ગ સશાસ્ત્ર છે કે નહિ ? એ ચાર પ્રશ્નો ઉભા થાય છે. તેમાં પ્રથમ પ્રશ્નનો ઉત્તર એ છે કે આદિત્યપુરાણ તથા કલિવર્જ્ય પ્રકરણમાં **द्विजस्याब्धौतुनौयातुः** એ વચનથી તથા સ્મૃતિસંગ્રહમાં તથા " બૃહન્નારદીયમાં " **समुद्रयातुःस्वीकारः** એ વચનથી ધર્મશાસ્ત્રમાં સમુદ્રયાનનો નિષેધ કરવામાં આવ્યો છે. અને બોધાયન ૠષિએ **अथपतनीयानि समुद्रयानं मूरयन्नृतं** ઈત્યાદિવચનથી સમુદ્રયાનની અતિપાતકમાં ગણના કરેલી હોવાથી બૌધાયને તેનું ત્રિવાર્ષિક પ્રાયશ્ચિત કહેલું છે. (જેમાં આફ્રિકામાં ગએલા મ્લેચ્છ સહ ભોજનાદિ સંસર્ગથી દૂર રહેલાઓનો સમાવેશ થાય છે.) પરન્તુ તે ત્રિવાર્ષિક પ્રાયશ્ચિત અકામકૃત સમુદ્રયાનના સંબંધમાં હોવાથી ઇચ્છાપૂર્વક સમુદ્રયાન કરનાર તથા તેની વારંવાર આવૃત્તિ કરનાર પુરૂષને માટે દ્વિગુણ અથવા ચતુર્ગુણ પ્રાયશ્ચિત છે. પરંતુ યૂરોપ અમેરિકા વગેરે દેશોમાં સમુદ્રયાન કરનાર કેવળજ પરદેશગમન કરી પાછો આવતો નથી પણ તેઓની સાથે ભોજનાદિ અનેક સંસર્ગ કરીને આવતો હોવાથી તેને પ્રકીર્ણક (છુટાં છુટાં) અનેક પાપો લાગવાનો સંભવ છે જેનું વિવેચન નીચે પ્રમાણે કરવામાં આવે છે.

કાશીના પંડિતોનો પરદ્વીપ ગમનના સંબંધમાં શાસ્ત્રાનુસાર નિર્ણય.

સાંપ્રત (આજ કાલ) સમુદ્રયાન (વહાણ આગબોટ) થી દ્વીપાંતર (યુરોપ અમેરિકા) જનારા બ્રાહ્મણ, ક્ષત્રિય; વૈશ્ય અને અબાહ્ય શૂદ્ર (કે જેનું અડકેલું પાણી ત્રૈવર્ણિકો પીએ છે) તેમને પોતપોતાની ન્યાતજાતમાં વ્યવહાર (એક પંક્તિ ભોજનાદિ ક્રિયા) ની યોગ્યતા છે કે નહિ ? એ પ્રશ્નના જવાબમાં ધર્મશાસ્ત્રનો શો સિદ્ધાંત છે તે દેખાડવામાં આવે છે.

આ ઠેકાણે દ્વીપાંતર ગમનથી (યૂરોપ અમેરિકા જવાથી) દ્વિજ જાતિને પતિત કરનારાં કયાં કયાં કર્મોનો સંભવ છે તે પ્રથમ તપાસીએ. દ્વીપાંતરગમન સમુદ્રયાન (વહાણ આગબોટ) વગર થઈ શકતું નથી માટે ૧ સમુદ્રયાન, ૨ મ્લેચ્છની સાથે ભોજન, ૩ મ્લેચ્છનું એઠું ભોજન, ૪ મ્લેચ્છે રાંધેલાં અન્નનું ભોજન, ૫ મ્લેચ્છ સ્પૃષ્ટ (અડકેલું) ભોજન, ૬ મ્લેચ્છ દેશમાં વાસ, વગેરે ઘણા નાના મોટા દોષો બનવાનો સંભવ અવશ્ય છે. એટલા માટે ઉપર જણાવેલાં મુખ્ય કર્મોમાનાં એક એકને માટે જુદા જુદા આધાર લખીને વ્યવસ્થા વિચાર (નિર્ણય) આરંભ કરવામાં આવે છે.

સમુદ્રયાન સંબંધી વિચાર.

આ બાબતમાં જોકે મિતાક્ષરામાં લખેલું મહર્ષિ બૌધાયનનું " समुद्रयानं ब्राह्मणस्य न्यासापहरणं सर्वापण्यैर्व्यवहरणं भूम्यनृतं शूद्रसेवा यश्च शूद्रायामभिजायते तदपत्यं च भवति तेषान्तु–अहर्निशं " चतुर्थकालं मितभोजिनः स्युरपोम्युपंयुः सवनानुकल्पं स्थानासनाभ्यां विहरन्त एतैस्त्रिभिर्वर्षैस्तदपघ्नति पापम् " इति ॥ અર્થ—જે લોક

સમુદ્રયાન કરે, બ્રાહ્મણની થાપણ ઓળવે, ગમે તે વસ્તુનો વેપાર કરે, જમીનની બાબતમાં જૂઠી સાક્ષી આપે, શૂદ્રોની ચાકરી કરે શૂદ્ર સ્ત્રીનો સંગ કરે, શૂદ્ર સ્ત્રીમાં પુત્ર પેદા કરે, એ કર્મોને કરે છે, એને માટે એવું પ્રાયશ્ચિત છે કે જેમ યજ્ઞમાં ઋત્વિક બ્રાહ્મણ ઘરનું સર્વ કામકાજ છોડીને ફક્ત યજ્ઞનું કાર્ય કરે છે, તેમ ઉપલાં કર્મો કરનાર બીજો બધો વ્યાપાર છોડીને નિત્ય ત્રિકાળ સ્નાન, સંધ્યા તથા ચોથે પહોરે થોડું ભોજન કરે એમ ત્રણ વર્ષનું વ્રત કરવાથી તે લોક ઉક્ત પાપનો નાશ કરી શકે છે. અર્થાત્ ઉક્ત પાપના અન્તર્ગત એકેક પાપ કરનારને ઉપરોક્ત ત્રણ ત્રણ વર્ષનું પ્રાયશ્ચિત છે. *

આ પ્રમાણથી સમુદ્રયાન કરનાર બ્રાહ્મણાદિ વર્ણોને માટે એક પ્રકારના નિયમથી યુક્ત ત્રણ વર્ષનું વ્રત પ્રાયશ્ચિત કહેવામાં આવ્યું છે. આ વાકયમાં **ब्राह्मणस्य** એ શબ્દનો અન્વય **न्यासापहरण** શબ્દની અંદર રહેલા **न्यास** પદાર્થમાં છે માટે એનો અર્થ બ્રાહ્મણની થાપણ ઓળવવી એવો થાય છે; તથાપિ બૃહન્નારદમાં કહ્યું છે કે, "**समुद्रयातुः स्वीकारः कमण्डलुविधारणम् । द्विजानामसवर्णासु कन्यासूपयमस्तथा ॥ इमान् धर्मान् कलियुगे वर्ज्यानाहुर्मनीषिणः** ॥ અર્થ—સમુદ્રમાં (વહાણ આગબોટથી જનારા બ્રાહ્મણાદિક વર્ણોનો સ્વીકાર અર્થાત પ્રાયશ્ચિત પછી પણ એમની સાથે વ્યવહાર (એકપંક્તિ ભોજનાદિક ક્રિયા) કમંડલનું ધારણ, દ્વિજોનો અન્યવર્ણની કન્યા સાથે વિવાહ આદિ કેટલા-

---

* અન્ય યુગોમાં દ્વીપાંતર જનાર પુરૂષ ઉક્ત પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થતા હતા, તે પછી સજાતીય વ્યવહારમાં તેઓને લેવામાં આવતા હતા; પરંતુ કલિકાલમાં

એક ધર્મો કલિયુગમાં ઋષિયોએ વર્જિત કર્યા છે. આ ઉપરથી કલિકાલમાં નૌકાદ્વારા સમુદ્રમાં યુરોપ, અમેરિકા વિગેરે દેશોમાં જનાર બ્રાહ્મણાદિ વર્ણોએ પ્રાયશ્ચિત્ત કર્યા પછી પણ પોતપોતાની ન્યાતજાતમાં (ખાનપાનાદિ) વ્યવહાર નહિં કરવો જોઈએ, એમ સિદ્ધ થાય છે. આ બૃહન્નારદીય વાકયથી સમુદ્રયાન-દ્વારા દ્વીપાંતર ગમનનો નિષેધ ચારે વર્ણોને માટે મળે છે, તો પણ આ ઠેકાણે એમ કહી શકાય છે કે "બૃહન્નારદ" નું વચન સામાન્ય છે, અને "હેમાદ્રિ" માં લખેલુ "આદિત્યપુરાણ" નું વચન વિશેષમાં માનવામાં આવે છે, તેથી "આદિત્યપુરાણ" ના વાકયના અનુરોધથી "બૃહન્નારદ" વાકયનું પણ તાત્પર્ય એજ કહેવું ઉચિત છે કે, 'બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ ત્રૈવર્ણિકને માટે સમુદ્રયાન નિષિદ્ધ છે, નહિં કે સત શૂદ્રોને માટે. પરંતુ શૂદ્ર સંબંધી સમુદ્રયાનના નિષેધ માત્રના ખંડનથીજ સત શૂદ્રોને માટે યુરોપાદિગમન ન્યાતજાતના વ્યવહારને રોકનાર નહિ થાય." આમ કહેવું અયુક્ત છે, કેમકે એ લોકોને માટે પણ આગળ કેટલાંક કારણોથી દ્વીપાંતર જવાથી ન્યાતજાતમાં વ્યવહાર યોગ્યતાની પ્રતિબંધકતા કહેવામાં આવી છે. દ્વિજોને માટે સમુદ્રયાનનો નિષેધ હોવાથી "આદિત્યપુરાણ"માં કહ્યું છે કેઃ—**द्विजस्याब्धौ तु नौयातुः शोधितस्यापिसंग्रहः । सत्रदीक्षा च सर्वेषां कमण्डलुविधारणम् ॥ यतेः सायंगृहस्थत्वं सूरिभिस्तत्वदर्शिभिः । एतानि लोकगुप्त्यर्थं कलेरादौ महात्मभिः । निवर्तितानि कर्माणि व्यवस्थापूर्वकं बुधैः ॥**

એના સ્વીકારનો નિષેધ હોવાથી તથા યથોકત પ્રાયશ્ચિત ન બની શકવાથી એ વ્રતથી શુદ્ધ થયા પછી પણ વ્યવહારમાં લઈ શકાતા નથી.

અર્થ—કલિયુગમાં વહાણ વિગેરેમાં બેસી મહાસાગરમાં જનાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યોનો પ્રાયશ્ચિત કર્યા પછી પણ સ્વીકાર (ન્યાતજાતનો વ્યવહાર) સર્વ વર્ણોની યજ્ઞમાં દીક્ષા, કમંડલુનું ધારણ, ઈત્યાદિ લખીને યતિએ જ્યાં સંધ્યા પડે ત્યાંજ મુકામ કરવો વિગેરે કર્મોને વર્ણાશ્રમધર્મની રક્ષાદ્વારા લોકરક્ષા થવા માટે તત્વદર્શી મહાત્મા ઋષિ લોકોએ કલિના આરંભમાં એકઠા મળીને સર્વની સંમતિપૂર્વક વર્જિત કર્યા છે.+

+ જોકે દ્વારકા, જગન્નાથપુરી, વિગેરે તિર્થોમાં સમુદ્રયાન દ્વારા જનાર ત્રૈવર્ણિકોને પણ સમુદ્રયાનનું પાપ આ વચનથી લાગુ પડે છે, તોપણ "**एकत्रकृतःशास्त्रार्थोऽन्यत्रप्रवर्तते**" (એક જગાએ કહેલો શાસ્ત્રાર્થ તેની સજાતીય બીજી જગાએ પણ લાગુ પડે છે,) એ ન્યાય મુજબ પ્રશ્નકર્તાએ જાણવું જોઇએ કે અંગ, બંગાદિ દેશ જનાર માટે ઋષિમુનિયોએ એવી વ્યવસ્થા કરીછે કે: **अङ्गवङ्गकलिङ्गेषुसौराष्ट्रमगधेषु च । तीर्थयात्रां विना गत्वा पुनः संस्कारमर्हति ॥** અર્થ:—અંગ, બંગ, કલિંગ, સૌરાષ્ટ્ર, અને મગધદેશમાં તીર્થયાત્રા વિના જનારે ત્યાંથી પાછા સ્વદેશમાં આવે ત્યારે ફરી સંસ્કાર કરવો (જનોઇ પહેરવી) તેજ વ્યવસ્થા આ ઠેકાણે પણ સમજવી કે તિર્થયાત્રા સિવાય સમુદ્રયાનમાં પાપ થાય છે. અથવા દ્વારકાદિ તીર્થયાત્રાને માટે ધર્મ શાસ્ત્રકારોનાં સાક્ષાત્ વચન છે, તો એ તીર્થયાત્રા સમુદ્રયાન વિના શઇ શકતી નથી, એટલા માટે દ્વારકાદિ તીર્થ યાત્રામાં સમુદ્રયાન દોષદાયક નથી.

ત્રીજું સમાધાન એ છે કે નાન્તરીયક ન્યાયથી અર્થાત્ જેમ અશ્વમેધ કરવામાં તથા યુદ્ધ વગેરે કર્મોમાં અને-

એ રીતે ચીન જાપાન આદિ દેશોમાં જનારને પણ સમુદ્રયાનનું પાપ તુલ્ય જાણવું જોઈએ; પરંતુ એવા દેશમાં જનારને સમુદ્રયાન અલ્પ પાપનું કારણ થશે કે જ્યાં ઉપવાસપૂર્વક સમુદ્રયાનમાં મુસાફરી થઈ શકે છે. આ ઉપરથી એટલું તો સિદ્ધ

કાનેક પ્રાણીઓની હિંસાજન્ય પાપ થાય છે તો પણ અશ્વમેધથી પુણ્યપર્વત પેદા થાય છે, એટલા માટે અશ્વમેધ કરવામાં આવે છે. તેમજ આ ઠેકાણે સમુદ્રયાનમાં પાપ થાય છે તો પણ દ્વારકાદિ તીર્થયાત્રાથી પુણ્યરાશિ પેદા થાય છે તેટલા માટે તીર્થયાત્રામાં સમુદ્રયાન વધારે દોષદાયક સમજવામાં આવતું નથી.

ચોથું સમાધાન "કૂપખાનક ન્યાયથી તપાસીએ. અર્થાત્ જેમ કુવો ખોદવામાં અનેક જીવહત્યા થાય છે તો પણ એ કુવાના જલપાનથી હજારો પ્રાણીઓની તૃપ્તિદ્વારા પુણ્યપુંજ પેદા થાય છે તે કારણથી ધર્માત્મા લોકો કુવો ખોદાવે છે તેમજ આ ઠેકાણે સમુદ્રયાનમાં પાપ થાય છે તો પણ તીર્થયાત્રામાં તેથી કેટલુંક વધારે પુણ્યપુંજ પેદા થાય છે તેટલા માટે ધર્માત્મા પુરૂષ એ નિમિત્તનું સમુદ્રયાન દોષવિધાયક નથી સમજતા.

પ્રશ્ન—સત્ય ત્રેતા આદિ યુગોમાં આ દેશનિવાસી દ્વીપાન્તરમાં જતા હતા, ત્યારે ઋષિઓએ શા માટે કલિયુગમાં સમુદ્રયાનનો નિષેધ કર્યો ?

ઉત્તર—ઋષિઓની આજ્ઞામાં આસ્તિકગણ તો શંકા ઉઠાવતાજ નથી. કેમકે ઇહાં તો મહર્ષિઓનો એ સિદ્ધાંત છે કેઃ—**તેસર્વાર્થેष्वमीमांस्येताभ्यांधर्मोहिनिर्बभौ** ॥ શ્રુતિ અને સ્મૃતિઓના અર્થોમાં તર્ક કરવોજ ન જોઈએ. કેમકે એથીજ ધર્મ

થઇ ચુકયુ કે, સમુદ્રમાં વહાણ આગબોટાદિ માર્ફતે યુરોપ, અમેરિકા જનારાઓને સમુદ્રયાનનું પાતક લાગે છે, અને તેઓનો કલિકાલમાં પ્રાયશ્ચિત્ત કીધા બાદ પણ ન્યાતજાતના ખાનપાનાદિ વ્યવહારમાં સ્વીકાર થઇ શકતો નથી.

નીકળ્યો છે. અર્થાત્ શ્રુતિ સ્મૃતિ ધર્મનું સ્વરૂપ ન બતાવે તો કેવળ તર્કથી આપણે કોઇ ધર્મ જાણી શકીએ નહિ.

બીજું સમાધાન એ પણ છે કે સત્યયુગાદિમાં હાડકામાં પ્રાણ રહેતો હતો, તે કારણથી તે લોકો મહિનો બે મહિના અન્ન ન મળે તો પણ ક્ષીણ થતા ન હતા અને હમણાં તો કેવળ અન્નમાંજ પ્રાણ રહેલો છે. જો અન્ન ખાધા વિના સાંજ પડે તો કેવી વ્યાકુળતા થાય છે તે તો સૌ કોઈ જાણે છે. એટલા માટે કલિના આરંભમાં મહર્ષિ લોકોએ ભેગા મળી સર્વની સંમતિપૂર્વક વર્ણાશ્રમધર્મની રક્ષા માટે દ્વીપાંતર ગમન વર્જિત કર્યું છે. કેમકે ત્યાં જનાર ભોજનાદિ અને સંસર્ગ થયા વિના રહે નહિ, અને ભોજનાદિ સંસર્ગથી વર્ણાશ્રમધર્મ ભ્રષ્ટ થઈ જશે. (માટે દ્વીપાંતરગમન કલિયુગમાં વર્જિત કર્યું છે.)

વળી ત્રીજા સમાધાન તરફ દૃષ્ટિ કરો કે અન્ય યુગોમાં દ્વીપાંતરવાસી ક્રૂરાચાર માત્ર રાખતા હતા પણ તે લોકો વૈદિક ધર્મમાં તત્પર થઈ યજ્ઞ, દાન, તપ આદિ સર્વ ધર્મોનું આચરણ રાખતા હતા. જુઓ લંકેશ રાવણ બ્રાહ્મણ હતો ત્યાં જે યજ્ઞદાન આદિ ધર્મ કાર્યો થતાં હતાં, તે રંકથી રાય સુધી સર્વ રામાયણ વાંચનારને જાણીતી વાત છે. આજકાલની પેઠે ભ્રષ્ટાચાર

મ્લેચ્છ સહ ભોજન સંબંધી વિચાર.

આ બાબતમાં મહર્ષિ યાજ્ઞવલ્કયનું વચન છે કે **ब्रह्महामद्यपःस्तेनस्तथैवगुरुतल्पगः । एते महापातकिनो यश्च तैस्सह संवसेत् ॥ एभिस्तु संवसेद्र यो वै । वत्सरंसोऽपितत्समः ॥** અર્થ—બ્રહ્મઘ્ન (બ્રહ્મહત્યારો) મદ્યપી (મદ્ય પીનાર) સ્તેન (ચોર) ગુરૂતલ્પગ (ગુરૂ વિગેરે મોટાની સ્ત્રીનો સંગ કરનાર) એ ચાર મહા પાતકી છે. પાંચમો એમનો સંસર્ગી પણ મહા પાતકી છે, એવા મહાપાતકીની સાથે વર્ષ સુધી જે સંસર્ગ કરે તે પુરૂષ તેની સમાન થઈ જાય છે. બ્રહ્મઘ્ન આદિ ચાર મહા પાતકી ઓની સાથે એમના સંસર્ગીને પણ મહાપાતકી ગણવા જોઇએ અને એવા મહાપાતકીના શોધક પ્રાયશ્ચિતના અનુષ્ઠાનથી સંસર્ગીની શુદ્ધિ થાય છે, એમ યાજ્ઞવલ્કયે આ વાકયથી કહ્યું છે. મનુજીએ પણ મહાપાતકો તથા તેના પ્રાયશ્ચિત્તો લખીને લખ્યું છે કે, **यो येन पतितेनैषां, संसर्गयातिमानवः । स तस्यैव व्रतं कुर्यात्, तत्संसर्गविशुद्धये ॥** આવા મહાપાતકીયોમાંના જે મહાપાતકીની સાથે જે પુરૂષ સંસર્ગ કરે છે, તે સંસર્ગી પોતાની શુદ્ધિને માટે મૂળ પાતકી (કે જેનો એ સંસર્ગી થયો હોય) ના શોધક પ્રાયશ્ચિત્તનું સજાતીય પ્રાયશ્ચિત્ત કરે, અર્થાત્ જે પ્રાયશ્ચિત્તથી મૂળ પાતકી શુદ્ધ થાય છે, તે પ્રાયશ્ચિત્તથી એનો સંસર્ગી (પણ) શુદ્ધ થાય છે. આ બાબતમાં

એ દ્વીપોમાં પણ ન હતો; તેથી એ યુગોમાં એ દ્વીપોમાં ચાતુર્વર્ણિકની આવજા હતી. કલિકાલમાં એ દેશોની મ્લેચ્છમયતા જોઇને મહર્ષિઓએ વર્જિત કર્યું છે એમ સિદ્ધ થાય છે.

વ્યાસજી પણ કહે છે કે "यो येन संवसेद् वर्षं सोऽपि-तत्समतामियात्। पादहीनंचरेत्सोऽपि तस्य तस्य व्रतं द्विजः॥ અર્થ–જે, જે પાતકીની સાથે એક વર્ષ સંગ કરે છે એ પાતકીની બરાબર થઈ જાય છે અને તે સંસર્ગી પોતાની શુધ્ધિને માટે મૂળ પાતકીના શોધક પ્રાયશ્ચિત્તથી એક પાદ ઓછું પ્રાયશ્ચિત્ત કરે. આમાં પાતકીથી સંસર્ગ કરવા છતાં પણ સંસર્ગીએ પાતકીથી એક પાદ ઓછું પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ એવી રીતે વ્યાસજીનો જે અનુગ્રહ છે તે પણ કોઈ સંસર્ગીના વિશેષ વિષયમાં છે, સર્વ સંસર્ગીના વિષયમાં નથી એમ મયૂખકાર નો લેખ છે. શૂલપાણિ વગેરે ગ્રંથકારોનો મત એવો છે કે એ વ્યાસનો અનુગ્રહ સર્વ સંસર્ગી માટે છે પરંતુ "स तस्यैव व्रतं कुर्यात्" ઇત્યાદિ વચન પ્રાયશ્ચિત્તના સજાતીયતા બોધક છે અર્થાત્ તે સંસર્ગી પણ જેનો સંસર્ગ કર્યો હોય તેના કર્તવ્ય પ્રાયશ્ચિત્તનું અનુષ્ઠાન કરે. દાખલા તરીકે બ્રહ્મહત્યાદિ પાતકીનું જે દ્વાદશાબ્દ વ્રત પ્રાયશ્ચિત્ત છે, તેજ પ્રાયશ્ચિત્તનું સજાતીય પાદ ન્યૂન પ્રાયશ્ચિત્ત બ્રહ્મહત્યાદિના સંસર્ગીનું પણ છે એ વિષયમાં હાલ વિચાર કરવાની કંઇ જરૂર નથી તેથી તેનો વિશેષ વિચાર હાલ કરવામાં આવતો નથી. અહિં યાજ્ઞવલ્કયે જે સામાન્ય રૂપથી એક વર્ષનો સંસર્ગ, પાતકીની સમાન ગણવામાં કારણ લખ્યાં છે તે બૃહસ્પતિ તથા દેવલ વાકયથી પણ સિદ્ધ થાય છે. બૃહસ્પતિ વાકયમાં કહ્યું છે કે "एकशय्यासनं पङ्क्ति भाण्ड–पक्त्यन्नमिश्रणम्। याजनाध्यापनेयोनिस्तथाचसह भोजनम्॥ नवधा संकरः प्रोक्तो न कर्तव्योऽधमैःसह॥ અર્થ–એક શય્યા (એક પલંગ પર સુવું) એક આસન

ઉપર બેસવું એક પંકતિ, એક વાસણ, એક રસોડાંમાં જમવું યાજન અધ્યાપન, વિવાહ, અને એકઠું જમવું એ નવ પ્રકારના સંસર્ગ કહ્યા છે. અને એ સ્વવર્ણથી ઉતરતી વર્ણ સાથે નહિ કરવા જોઇએ; તેમજ દેવલ સ્મૃતિમાં પણ કહ્યું છે કે " **याजनं योनिसम्बन्धं स्वाध्यायं सह भोजनम् ॥ कृत्वासद्यःपतत्येवपतितेन न संशयः ॥** અર્થ–યાજન (યજ્ઞ કરાવવો) વિવાહ, અધ્યાપન, સહ ભોજન એ ચારે સંસર્ગ પતિતોની સાથે કરવાથી ચાતુર્વર્ણિક સદ્યઃ (તરતજ) પતિત થાય છે, એમાં કાંઇપણ સંદેહ નથી. હવે બૃહસ્પતિ વાકયમાં જે એક શય્યા એકાસનમાં બેસવું, એક પંકિત. એક વાસણ, એક રસોડામાં ભોજન, તથા યાજન, અધ્યાપન, વિવાહ, અને સહ ભોજન; આ નવ સંસર્ગ ગણાવ્યા છે, તેમાં પ્રથમ એક શય્યા આદિ પાંચ સંસર્ગ છે અને યાજન, અધ્યાપન, વિવાહ અને સહભોજન રૂપ સંસર્ગ તો દેવલ સ્મૃતિથી સદ્યઃ (તુરતજ) પતિત કરવાવાળા છે એમાં કાંઈ પણ સંદેહ નથી. પાતકીનું પાપ સંસર્ગીમાં શી રીતે આવે છે તે સંબંધમાં દેવલ સ્મૃતિમાં કહ્યું છે કે **संलापस्पर्शनिश्वाससहयानाशनासनात् ॥ याजनाध्यापनाद्व यौनात् पापं संक्रमते नृणाम् ॥** અર્થ–પરસ્પર વાત કરવાથી, પરસ્પર અડકવાથી, પરસ્પર નાસિકાનો શ્વાસ જવાથી, એક સ્વારી, એક ભોજન, એક આસન (ગાદી) પર બેસવાથી, યાજન, અધ્યાપન, વિવાહ એ સંસર્ગોથી પાતકીનું પાપ સંસર્ગીમાં આવે છે. હવે આપણને નિશ્ચય થયો છે કે ઉક્ત સંસર્ગો (ઉપર જણાવેલાં સંસર્ગો) વાળા તથા મ્લેચ્છ વા પતિત એમાંથી કોઇની સાથે સંગ કરવો નહિ જોઇએ,

કેમકે એ સંસર્ગ જે મ્લેચ્છ વા પતિતની સાથે કરવામાં આવે તેના પાપનો ભાગી તે પુરૂષ (સંસર્ગ કરનાર) થાય છે. એમ ઉપર જણાવેલા દેવલ સ્મૃતિના પ્રમાણથી બોધિત થાય છે. વળી પતિતના સંસર્ગ બાબતમાં કહ્યું છે કે स तस्यैव व्रतं कुर्यात् ॥ पादहीनं चरेत्सोऽपि इत्यादि'' વાકયથી પાપીના બરાબર અથવા ચતુર્થાંશ ઓછું સંસર્ગીએ પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ એવો ધર્મ શાસ્ત્રોમાં સંસર્ગોના વિષયમાં નિસ્તાર (નિર્ણય) કરેલો છે. મ્લેચ્છ સંસર્ગની બાબતમાં તો મ્લેચ્છને શુદ્ધ કરવાવાળું કોઇ પણ પ્રાયશ્ચિત્ત ધર્મશાસ્ત્રમાં માલુમ પડતુંજ નથી. તેથી કરીને ધર્મશાસ્ત્રકારોનો આશય એવો માલમ પડે છે કે મ્લેચ્છ સંસર્ગીનો નિસ્તાર (નિવારણનો ઉપાય) નથી (યાને તે શુદ્ધ થઇ શકેજ નહિ) પરંતુ અત્ર કેટલીક શંકાઓ ઉત્પન્ન થતી હોવાથી તેનો નિર્ણય પ્રશ્નોત્તરદ્વારા દર્શાવીએ છીએ.

પ્રશ્ન—' चाण्डालान्त्यास्त्रियोगत्वा'' ઇત્યાદિ વચનમાં કહેલા ચાણ્ડાલાન્ત્ય ભોજનનું જે પ્રાયશ્ચિત્ત છે, તેજ પ્રાયશ્ચિત્ત મ્લેચ્છ સહ ભોજનનું પણ શોધક થાય કે નહિ ?

ઉત્તર—નહિ કેમકે એ વાકયમાં સહ ભોજનરૂપ સંસર્ગ કહ્યો નથી.

પ્રશ્ન—બ્રહ્મવધાદિ મહાપાતકની અપેક્ષાએ મ્લેચ્છસહ ભોજન અધિક નથી તો બ્રહ્મવધાદિ પાતકનું જે શોધક પ્રાયશ્ચિત્ત છે, તે એનું પણ શોધક નહિ થઇ શકે ?

ઉત્તર—નહિ. કેમકે મનુજીએ "ज्ञानात् साम्यं तु गच्छति" (જ્ઞાનપૂર્વક ચાણ્ડાલાન્ત્ય ભોજન આદિ પાપથી પાપીને ચાણ્ડાલની સમાનતા મળે છે) એ અંશમાં(ન્યાત જાતના વ્યવહાર રોકવામાં બ્રહ્મવધાદિ મહાપાતકની અપેક્ષાએ એવાં પાપોમાં અધિકતા દેખડાવી છે, એથી કરીને બ્રહ્મવધાદિ મહાપાતકના પ્રાયશ્ચિત્તથી એની શુદ્ધિ થઇ શકતી નથી, તેમજ અનાદિ કાલથી આજ સુધી એવો વ્યવહાર (રૂઢી) પ્રચલિત છે કે જે મ્લેચ્છસહભોજી થયા હોય તે મ્લેચ્છ થઇ જાય છે અને તે ન્યાત જાત ના કોઈપણ વ્યવહારમાં ભાગ લઇ શકતા દેખાતા નથી.

પ્રશ્ન—એક પાત્ર (વાસણ) માં એકઠા ભોજનરૂપ જે સહભોજન પતિત કરવાવાળું છે તે યુરોપાદિ જવા વાળાને થતું નથી. તો તે કેમ પતિત થઇ શકે ?

ઉત્તર—જ્યાં એઠાં જુઠાં આદિનો કંઇ પણ વિચાર નહિ હોય તેમજ એઠાં વાસણને મૃત્તિકા (માટી) આદિથી શુદ્ધ કરવાનો રિવાજ ન હોય ત્યાં એવાં એઠાં વાસણમાં જે ભોજન હોય તે સહ ભોજનની તુલ્ય કહેવાય છે. વાસ્તવિક રીતે તો એથી પણ અધિક ઘૃણાને તુલ્ય છે.

પ્રશ્ન—મનુસ્મૃતિમાં કહ્યું છે કે " चाण्डालान्त्यस्त्रियो गत्वा भुक्त्वा च प्रतिगृह्य च । पतत्यज्ञानतोविप्रो ज्ञानात् साम्यं तु गच्छति ॥ અર્થ—જે ચાણ્ડાલ અથવા અન્ત્યજ સ્ત્રી સાથે ભૂલથી ગમન કરે, યા ભૂલથી તેની સાથે ખાય, યા ભૂલથી તેનું દાન લે,

તે બ્રાહ્મણ પતિત થાય છે, અને જાણીબુજીને ઉક્ત કાર્ય કરે અથવા તેની સાથે સંગ કરવાથી તો તેની સમાનતા પામે છે.''આ વાકયદ્વારા ચાણ્ડાલ સિદ્ધાન્ન ભોજન આદિ પાપોથી સંસર્ગીને મ્લેચ્છની સમતા (બરાબરી) થાય છે. એમાં તો કોઇ પ્રમાણ નથી (તો તે કેમ)?

ઉત્તર— છે. યાજ્ઞવલ્કયમાં કહ્યું છે કે "**चाण्डालपुल्कसम्लेच्छभिल्लपारसिकादिकान् । महापातकिनश्चैव स्पृष्ट्वा स्नायात् सचैलकः ॥** અર્થ—ચાણ્ડાલ, પુલ્કસ, મ્લેચ્છ, ભિલ્લ, પારસીક આદિ તથા મહાપાતકીઓનો સ્પર્શ થવાથી વસ્ત્ર સહિત સ્નાન કરવું જોઇએ. આ વાક્યમાં ચાણ્ડાલ અને મ્લેચ્છની સમતા બતાવેલી છે, જેમ ચાણ્ડાલાન્નભોજનથી સંસર્ગીને સમતા લાગુ પડે છે તેમ મ્લેચ્છસહભોજીને પણ મ્લેચ્છની સમાન જાણવો જોઇએ. કારણકે ઉશના વાકયમાં કહ્યું છે કે " **बहूनामेकधर्माणामेकस्यापि यदुच्यते । सर्वेषां तद् भवेत कार्यमेकरूपा हि ते स्मृता इति॥** અર્થ—જે વાકયમાં અનેક સમાનધર્મીઓની એકત્ર ગણના કરી છે, તેમાંથી એકને માટે જે પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે, તે પ્રાયશ્ચિત્ત બીજાઓને માટે પણ કહે છે. કેમકે તેઓ સર્વ સમાનધર્મવાળા છે. " આ કારણથી સમાનધર્મીઓમાં એકનું જે પ્રાયશ્ચિત્ત છે, તે બીજાને માટે પણ હોય છે, એવા ઔશનસ ન્યાયથી ચાણ્ડાળ યા મ્લેચ્છ એમાંના એકના નામથી જે પ્રાયશ્ચિત્ત કહ્યું હોય

તે બીજાને પણ લાગુ પડે એવી રીતે ધર્મ શાસ્ત્રકારોએ સિદ્ધાન્ત કર્યો છે.

(આ પરથી એટલું તો સિદ્ધ થાય છે કે મ્લેચ્છના સહભોજનથી સંસર્ગી મ્લેચ્છની તુલ્ય થાય છે; અને મ્લેચ્છને શુદ્ધ કરવાવાળું કોઇ પણ પ્રાયશ્ચિત્ત ધર્મ શાસ્ત્રમાં મળતું નથી. તેથી ધર્મશાસ્ત્રકારોના વિચાર મુજબ મ્લેચ્છસહભોજી ન્યાતજાતના ખાનપાનાદિ કોઇ-પણ વ્યવહારને યોગ્ય થઈ શકતો નથી.)

મ્લેચ્છોચ્છિષ્ટ [મ્લેચ્છના એઠાં] ભોજન સંબંધી વિચાર.

આ વિષયમાં અંગિરાનું વાકય એવું છે કે—" **चाण्डालपतितादीनामुच्छिष्टान्नस्यभक्षणे । चान्द्रायणं चरेद्विप्रः क्षत्रः सान्तपनं चरेत् ॥ षड्रात्रं च त्रिरात्रं च वर्णयोरनुपूर्वशः ॥** અર્થ—એકવાર મ્લેચ્છોચ્છિષ્ટ ભોજન ખાવાથી બ્રાહ્મણને ચાન્દ્રાયણ વ્રત, ક્ષત્રીને સાન્તપન વ્રત વૈશ્યને છ રાત્રનું વ્રત, અને શુદ્રને ત્રણ રાત્રનું વ્રત કરવું જોઇએ. આમાં પ્રાયશ્ચિત્તના વિષયમાં ચાણ્ડાલ વા મ્લેચ્છની સમાનતા કહી છે, એની વ્યવસ્થા ઉપર જણાવી ગયા છીએ. એટલા માટે ચાણ્ડાલોચ્છિષ્ટ ભોજનમાં જે પ્રાયશ્ચિત્ત છે તે મ્લેચ્છોચ્છિષ્ટ ભોજનમાં કરવું જોઇએ, એમાં કાંઈ પણ વિવાદ નથી. આ વિષયમાં ધર્મશાસ્ત્રનો એવો સિદ્ધાન્ત છે કે અનુચ્છિષ્ટ ભોજનથી ઉચ્છિષ્ટ ભોજનમાં બમણું પ્રાયશ્ચિત્ત લાગે છે. મનુસુમન્તુના વાકયમાં જણાવ્યું છે કે અનુચ્છિષ્ટ ચાણ્ડાલાન્નનું અજ્ઞાન-

પૂર્વક ઉડતાલીશ વખત ભોજન કરવાથી પાતિત્ય આવે છે, તો ચોવીશ વખત ઉચ્છિષ્ટ ભોજન ખાધાથી પાતિત્ય લાગે તેમાં શી નવાઈ? ઉડતાલીશ વખત ભોજન કરવાથી તો અવશ્ય પાતિત્ય આવે અને એનાથી બમણું અર્થાત્ છન્નુવાર કરવાથી મ્લેચ્છની બરાબર થઇ જવાય છે. એમાં કાંઈ કોઇને કોઇપણ પ્રકારની શંકાનો અવસર રહેતો નથી. (મ્લેચ્છોચ્છિષ્ટ ભોજનથી મ્લેચ્છની સમાનતા થાય છે, મ્લેચ્છને શુધ્ધ કરનાર પ્રાયશ્ચિત્તજ નથી તો પછી મ્લેચ્છોચ્છિષ્ટ ભોજન કરનાર શુધ્ધ થઇ ન્યાત-જાતના વ્યવહારને યોગ્ય થઇ શકતો નથી, એ વિવાદ ગ્રસ્ત નથી.)

મ્લેચ્છ સિદ્ધાન્ન (રાંધેલાં ભોજન) સંબંધી વિચાર.

આ વિષયમાં આપસ્તમ્બ વાકયમાં કહ્યું છે કે-
" चाण्डालान्नं यदाभुक्तं ब्राह्मणाद्यैः प्रमादतः। प्रायश्चित्तं कथं तत्र वर्णे वर्णे विधीयते ॥ चान्द्रायणं चरेद्विप्रः क्षत्रः सान्तपनं चरेत्। षड्रात्रं च त्रिरात्रं च वर्णयोरनुपूर्वशः ॥
અર્થ-જ્યારે બ્રાહ્મણાદિ વર્ણ ભૂલથી ચાણ્ડાલાન્ન ખાય તો બ્રાહ્મણાદિ વર્ણોને પૃથક પૃથક કયું પ્રાયશ્ચિત્ત ઋષિયોએ કહ્યું છે? બ્રાહ્મણે ચાન્દ્રાયણવ્રત, ક્ષત્રિયે સાન્તપનવ્રત વૈશ્યે છ રાત્રનું વ્રત કરવું અને શૂદ્રે ત્રિરાત્ર વ્રત કરવું. તેજ શૂલપાણીએ પ્રમાણ આપી લખ્યું છે કે ભૂલથી એકવાર ચાણ્ડાલાન્ન ખાવાથી ક્ષત્રિયને સાન્તપન વૈશ્યે છ રાત્રનું વ્રત તથા શૂદ્રને ત્રણ રાત્રનું વ્રત કરવું જોઈએ. આ પ્રાયશ્ચિત્ત ચાણ્ડાલના સિદ્ધાન્ન (રાંધેલી રસોઇ) વિષ-

થનું છે, પરંતુ સાત અન્ત્યાવસાયિઓ (ચાણ્ડાલ, શ્વપંચ ક્ષત્તા, સૂત, વૈદેહિક, માગધ, આયોગવ, એ સાત પ્રતિ લોમસંકર જાતિ અન્ત્યાવસાયિ કહેવાય છે,) માંના કોઇનું અન્ન જે પુરૂષ ખાય છે, તેને વિષે અંગિરા વાકયમાં કહ્યું છે કે–" अन्त्यावसायिनामन्नमश्नीयाद्यस्तु कामतः । स तुचान्द्रायणं कुर्यात् तप्तकृच्छ्रमथापिवा ॥ चाण्डालः श्वपचः क्षत्तासूतो वैदेहिकस्तथा । मागधायोगवाश्चैवसप्तेतेन्त्यावसायिनः ॥ અર્થ—અન્ત્યાવસાયિયોનું કાચું અન્ન સ્વેચ્છાપૂર્વક એક વખત જે ભોજન કરે તેણે ચાંદ્રાયણ યા તપ્તકૃચ્છ વ્રત કરવું જોઇએ. આમાં સ્વેચ્છાપૂર્વક ચાણ્ડાલાન્ન ભોજનમાં ચાન્દ્રાયણ પ્રાયશ્ચિત્ત કહ્યું છે. આથી તો આપસ્તમ્બ અને અંગિરા બન્નેના વાકયોમાં પરસ્પર વિરોધ થઈ જાય છે; તો પણ અહીં યદ્યપિ એમ કહી શકાય છે કે સ્વેચ્છાપૂર્વક એકવાર ભોજનનું પ્રાયશ્ચિત્ત અંગિરાએ બતાવ્યું છે, અને ભૂલથી અનેકવાર ભોજન કરવાનું પ્રાયશ્ચિત્ત આપસ્તમ્બે કહ્યું છે તો પછી એ બેઉ વાકયોમાં કોઈ પણ પ્રકારે વિરોધ માલુમ પડતો નથી. તથાપિ ઉકત પ્રકારનાં બન્ને વાકયોની વ્યવસ્થા કરવાની જરૂર નથી. કારણ કે એ બન્ને વાકયોના અર્થમાં શૂલપાણિએ એકવાર ભોજન કરવામાં એજ પ્રાયશ્ચિત્ત કહ્યું છે, તોપણ એ બન્ને વાકય સંબંધમાં એમ કહેવું ઉચિત છે કે અંગિરાનું વાકય ચાણ્ડાલના કાચા અન્ન વિષયનુંજ છે, અને આપસ્તમ્બનું વાકય ચાણ્ડાલના સિદ્ધાન્ન (રાંધેલા અન્ન) વિષયનું છે, એમ વ્યવસ્થા (શાસ્ત્રીય પદ્ધતિથી) બરાબર લાગુ પડે છે. યદિ કોઇ કહે કે ઉકત આપસ્તમ્બ વાકય કાચા અન્ન વિષયકજ છે, તો પછી ઉકત બન્ને

વાકયોનો વિરોધ દુર કરવાને માટે કોઈ બીજો ઉપાય કરવામાં આવશે તો પછી એમજ કહેવું ઉચિત છે કે ઠીક ત્યારે તો ભૂલથી એકવાર ચાણ્ડાલાન્ન ખાવાનું પ્રાયશ્ચિત્ત ચાર ચાંદ્રાયણ બ્રાહ્મણને માટે પણ આપવું પડશે. કેમકે કાચાં અન્નભોજનની અપેક્ષાએ રાંધેલા ચાણ્ડાલાન્નભોજનથી ચાર ગણું અધિક પ્રાયશ્ચિત્ત હોય છે. ઉકત અર્થ કરવામાં તો જે સિદ્ધાન્ત કરવો છે તે ભોજન માત્રથીજ સિદ્ધ થઇ જાય છે.

પ્રશ્ન--આપસ્તમ્બના વાકયથી ચાણ્ડાલ સિદ્ધાન્ન (રાંધેલું અન્ન)નું પ્રાયશ્ચિત્ત ચાન્દ્રાયણ કહ્યું છે અને વિષ્ણુ વાકયથી ચાણ્ડાલ સિદ્ધાન્ન ભોજનનું પ્રાયશ્ચિત્ત પરાક વ્રત કહ્યું છે, તો પછી એ બન્ને વાકયોમાં પરસ્પર વિરોધ કેમ ?

ઉત્તર--વિરોધ નથી. કેમકે શૂલપાણિએ ઉક્ત વિષ્ણુ વાકય બલાત્કારથી ચાણ્ડાલાન્ન ભોજનના વિષયમાં લાગુ પાડયું છે. અર્થાત્ બલાત્કારથી ચાણ્ડાલાન્ન ભોજન કરવાથી પરાક પ્રાયશ્ચિત્ત છે, અને ભૂલથી એકવાર ભોજનમાં ચાન્દ્રાયણ પ્રાયશ્ચિત્ત છે.

પ્રશ્ન--મનુજીએ તો અજ્ઞાનકૃત ચાણ્ડાલાન્ન ભોજનાદિ પ્રત્યેક પાપોની બાર વર્ષ સાધ્યવ્રતથી નિવૃત્તિ કહી છે, અને જ્ઞાનકૃત ઉક્ત પાપોમાં તો ચોવીશ વર્ષથી સાધ્યવ્રતરૂપ પ્રાયશ્ચિત્ત પરલોક શુદ્ધિને માટે હોય તો પણ આ જન્મમાં ન્યાતજાતના વ્યવહારની અયોગ્યતારૂપ સમતા બની રહે છે એમ કહ્યું છે, અને આપસ્તમ્બે

તો ઉક્ત ભોજનનું ચાન્દ્રાયણરૂપ પ્રાયશ્ચિત્ત કહેલું છે, તો ઉક્ત મનુ અને આપસ્તમ્બનાં વાક્યોમાં પરસ્પર વિરોધ કેમ ?

ઉત્તર—ઠીક છે. પરંતુ એ બન્ને વાક્યોનો વિરોધ દૂર કરવાને માટે શૂલપાણિએ માનવ (મનુ) વાક્યનો અર્થ ઉડતાલીશ વાર અજ્ઞાનકૃત ચાણ્ડાલાન્ન ભોજન કરવાથી પાતિત્ય થાય છે. અને જ્ઞાનપૂર્વક કરવાથી એની સમાન (બરોબરી) થાય એમ ગણી એ રીતે યથાક્રમ બતાવ્યું છે. એનો આશય એવો છે કે એક વાર ચાણ્ડાલાન્ન ભોજનમાં આપસ્તમ્બે ચાન્દ્રાયણ કહ્યું છે અને ચાન્દ્રાયણની પ્રતિનિધિ (જગ્યાએ) સાડા સાત ધેનુ (ગાય) થાય છે તો “ **पतत्यज्ञानतोविप्रः** ” એ વાક્યથી કહેલા પતિતને પાતિત્ય દૂર કરવાવાળાં દ્વાદશાબ્દ વ્રત હોય છે, એ દ્વાદશાબ્દ વ્રતની પ્રતિનિધિ (જગ્યાએ) ત્રણસો સાઠ ધેનુ (ગાય) કહી છે. કેમકે સાડાસાત ને ઉડતાલીશે ગુણવાથી ત્રણસો સાઠ થાય છે, એથી કરીને “ **चाण्डालान्त्यास्त्रियोगत्वा** ” **इत्यादि** મનુ વાક્ય ઉડતાલીશ વાર ભોજન વિષયક સિદ્ધ થાય છે. બ્રાહ્મણ ઉડતાલીશ ભોજન કરવાથી પતિત થાય છે વળી **पादोनं क्षत्रियः कुर्यात्** અર્થાત્ (ક્ષત્રિય બ્રાહ્મણથી એક પાદ ઓછું પ્રાયશ્ચિત્ત કરે; પરંતુ આ પ્રાયશ્ચિત્તને આધારે તો ક્ષત્રિયને એક પાદ અધિક પાપ થવાથી વૈશ્યને બે પાદ અધિક પાપ થવાથી

અને શૂદ્રને ત્રણ પાદ અધિક પાપ થવાથી બ્રાહ્મણની તુલ્ય પ્રાયશ્ચિત્ત ન્યાયાનુસાર પ્રાપ્ત થાય છે; તેથી એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે કે અજ્ઞાનથી ક્ષત્રિયને સાઠવાર ભોજનમાં, વૈશ્યને બોંતેરવાર ભોજનમાં, અને શૂદ્રને ચોર્યાસીવાર ભોજનમાં બ્રાહ્મણની તુલ્ય પ્રાયશ્ચિત્ત લાગુ પડે છે, અને જ્ઞાનપૂર્વક કરવાથી તો (બરોબરી) સમતા થઇ જાય છે.

પ્રશ્ન—ચાણ્ડાલાન્ન પદથી તો ચાણ્ડાલનું અન્ન સમજાય છે, નહિં કે ચાણ્ડાલનું રાંધેલું અન્ન, તો પ્રકૃતમાં ચાણ્ડાલાન્નને ખરીદી પોતે બનાવી ખાય તો તે ચાણ્ડાલાન્ન કેમ કહેવાય?

ઉત્તર—ભોજન વિષયમાં જ્યાં કાચા પાકા (રાંધેલાં) અન્નનો વિચાર શાસ્ત્ર યા લોકરૂઢીમાં નથી માલમ પડતો, કે આ કોનું અન્ન છે. એ કારણથી ચાણ્ડાલનું રાંધેલું અન્ન કોઇ પણ પ્રકારે લઇ ખાવાથી ચાણ્ડાલાન્ન ભોજન સિદ્ધ થાય છે. દાખલા તરીકે "મોચીનો ભાત તમે ખાધો" આમ કહેવાથી મોચીનો ભાત તો ખાધો નથી; પરંતુ તેની કનેથી ખરીદ કરી તમે ખાધો છે એમ સમાધાન કરવાથી કાંઇ ઉક્ત કલંકથી કોઇ પણ પુરૂષ આ લોકમાં નિર્દોષ ઠરી શકતો નથી. હવે આ વિચારથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે ચોર્યાસીવાર અજ્ઞાનપૂર્વક મ્લેચ્છ સિદ્ધાન્ન ભોજનથી સત શૂદ્ર પણ પતિત થાય છે, અને જ્ઞાનપૂર્વક કરવાથી તો એની સમાન (બરોબરીઓ) થઇ જાય છે.

એ મુજબ યુરોપ, અમેરિકા, જનારાઓ અનેક-વાર મ્લેચ્છ સિદ્ધાન્ન (રાંધેલું) ભોજન કરવાથી પતિત થઇ તેઓની સમાન (બરોબરીઆ) થઇ જતા હોવાથી તેઓ ન્યાત જાતના વ્યવહાર માટે અયોગ્ય ન થાય ? (થાય છેજ).

મ્લેચ્છ સ્પૃષ્ટાન્ન ભોજન સંબંધી વિચાર.

આ બાબતમાં એટલું તો જણાવવું બસ થશે કે યુરોપ, અમેરિકા આદિ પરદ્વીપમાં જનારાઓને મ્લેચ્છ સ્પૃષ્ટાન્ન ભોજન તો અવશ્ય કરવું પડે છે ઉક્ત વિષયમાં શંખ વાકયમાં કહ્યું છે કે—"**अमेध्यपतितचाण्डालपुल्कसरजस्वलाधूत कुणिकुष्ठिकुनखिसंस्पृष्टानि भुक्त्वाकृच्छ्रं चरेदिति ॥** અર્થ—અમેધ્ય, (અશુચિ) પતિત, ચાણ્ડાલ, પુલ્કસ, રજસ્વલા, અવધૂત, (અઘોરીઆદિ) કુણિ (આંગળી વગરના) કુષ્ઠી, કુનખી (સડેલા નખવાળા) આવાનું અડકેલું એકવાર ભોજન કરવાથી કૃચ્છવ્રત કરવું જોઇએ. આ શંખ વાકયથી એમ સિદ્ધ થાય છે, જે એકવાર સ્પૃષ્ટ (અટકેલું) ભોજન કરવાથી કૃચ્છપ્રાયચિત્ત કહ્યું છે, તો ચાણ્ડાલ તથા મ્લેચ્છે સ્પૃષ્ટાન્ન (અડકેલું) ભોજનના અભ્યાસ (અનેકવાર) કરવાથી પ્રાયશ્ચિત્તની આવૃત્તિ થઇ જાય છે તો પ્રાયશ્ચિત્તની સંખ્યા તેમજ એનું અનુષ્ઠાન કહાંતક કરી શકાય ? નહિંજ થાય. (આથી યુરોપાદિ જનારાને માસ, છ માસ, વર્ષ કે બે પાંચ સાત વર્ષ અથવા તેથી ન્યૂનાધિક જયાં સુધી તે ત્યાં રહે ત્યાં સુધી મ્લેચ્છ સ્પૃષ્ટાન્ન ભોજન કરવાથી તે પાતકી બને છે, અને તેના પ્રાયશ્ચિત્તની આવૃત્તિ થતી હોવાથી તે ન્યાતજાતના વ્યવહારને યોગ્ય નથી.)

મ્લેચ્છદેશ વાસવિચાર.

આ વિષય સંબંધમાં બૃહસ્પતિ વાક્યમાં કહ્યું છે કે-

" पतितानांगृहेगत्वा भुक्त्वा च प्रतिगृह्य च ।
मासोपवासं कुर्वीत चान्द्रायणमथापिवा ॥ "

અર્થ—પતિતને ઘેર એકવાર જાય વા તેનું અન્ન એકવાર ખાય વા તેનું દાન લે તો એક માસ સુધી ઉપવાસ કરવો જોઇએ, અથવા ચાન્દ્રાયણ વ્રત કરવું જોઈએ. મ્લેચ્છદેશવાસના સંબંધમાં વિચાર કરતાં ઉપરના બૃહસ્પતિ વાક્યથી તો પતિતને ઘેર પગ મૂકનાર દોષિત ઠરે છે, અને તેને એક માસ સુધી ઉપવાસ અથવા ચાન્દ્રાયણ વ્રત કરવું જોઇએ છીએ. તો જે દેશમાં મ્લેચ્છ માત્રનો અનાદિકાલથી નિવાસ છે, તે દેશમાં વાસ કરનાર (જઈ રહેનાર) ને અને મ્લેચ્છના ઘરમાં ઘણોજ વખત વાસ તથા ભોજન કરનારને કહ્યું પ્રાયશ્ચિત્ત શોધક હોય ? (કોઇ પણ પ્રાયશ્ચિત્તથી તે શુદ્ધ થઇ શકતો નથી.) એવી રીતે યુરોપાદિ દેશમાં જનારાઓને ગોમાંસાદિ અભક્ષ્ય ભક્ષણ અને મદ્ય આદિ અપેયપાન આદિ ઘણાં અકર્તવ્ય કર્મો કરવાનો પણ સંભવ હોય છે; તેથી ચાતુર્વર્ણ્યોમાં એવાઓની ન્યાતજાતના વ્યવહારમાં યોગ્યતા હોતી નથી. એમ ઉક્ત વિચારોથી સિધ્ધાન્ત થાય છે. અર્થાત્ એવા પુરૂષોની ન્યાતજાતના ખાન પાનાદિ કોઇ પણ વ્યવહારમાં યોગ્યતા શાસ્ત્રાનુસાર ન હોવાથી ચાતુર્વર્ણ્યો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને સચ્છૂદ્ર) એ તેવાઓનો સ્વીકાર કરવો નહિં. અહિં આ જન્મ પાપનું શોધક ષડબ્દ પ્રાયશ્ચિત " जन्मप्रभृति पापानीत्यादि " વાક્યથી કહ્યું છે, તો પણ આ ષડબ્દ પ્રાયશ્ચિત

કેવા પાપોનું શોધક હોય છે, તે વાત ત્યાંજ મિતા-ક્ષરામાં સ્પષ્ટ રીતે જણાવી છે. વિસ્તાર થવાના ભયથી અત્રે લખવામાં આવતું નથી.

આ દેશના જે લોક (દ્વિજ) મ્લેચ્છ, યવન પતિત ઇત્યાદિની સાથે ખાય છે તેમજ અશુધ્ધ પાન વા અભક્ષ્ય ભક્ષણ ઘણા દીવસોથી કરે છે તથા મ્લેચ્છ, યવન ઇત્યાદિનાં એઠાં વાસણમાં ખાય છે અને દૂરદેશમાં જઇ રહે છે તેમજ સમુદ્રયાત્રા કરે છે તથા બીજા દેશોમાં રહેતી વખત વર્ણાશ્રમના ધર્મના આચારની વ્યવસ્થાને લાત મારે છે (આચાર ભ્રષ્ટ થાય છે) તેમજ એવા દૂરદેશોમાં બે ત્રણ યા પાંચ છ વર્ષ સુધી નિવાસ કરી સ્વદેશમાં પાછા ફરે છે તો તેવા લોક (દ્વિજ) પોત પોતની ન્યાત જાતની સાથે ખાનપાનાદિ વ્યવહાર કરી શકે કે નહિ ?

આ પ્રશ્નનો ઉત્તર ધર્મશાસ્ત્રનો જાણનાર તો એવોજ આપશે કે "કદી નહિ" કેમકે ઉપર જે જે દુરાચાર કહેવામાં આવ્યા છે તેમાંના એકનો પણ જ્ઞાનપૂર્વક ત્યાં (પરદ્વીપ) જનારાથી દોષ થયા વિના રહેનાર નથી તેથી તે મહાપાતકી થાય છે એ કારણથી એવાઓની સાથે કદી પણ ન્યાતજાતનો ખાનપાનાદિ વ્યવહાર કરવો ઉચિત નથી, વળી દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય,) લોકોને માટે તો કેવળ એક સમુદ્રયાન કરવાના પ્રાયશ્ચિત્ત કીધાથી પણ ન્યાતજાતના ખાનપાનાદિ વ્યવહારની અયોગ્યતા કહેવામાં આવી છે. કેમકે સમુદ્રયાન અનેક અનર્થનું કારણ છે. (તીર્થ યાત્રામાં સમુદ્રયાનનો નિષેધ ધર્મશાસ્ત્રમાં નથી. જેમ પ્રાયશ્ચિત્ત કાણ્ડમાં પરાશર તથા બીજા ઋષિ મુનિઓએ લખ્યું છે કે (અમુક અમુક

કામ કરનારને અમુક અમુક પ્રાયશ્ચિત્ત છે. યવન મ્લેચ્છ, ચાણ્ડાલ, પતિત આદિના બનાવેલા વાવ કુવા આદિનું જલપાન (પાણી પીવા) નો નિષેધ છે. આ વચનોમાં બ્રાહ્મણને માટે જે પ્રાયશ્ચિત્ત જણાવેલું તે શુદ્ર સુધી દરેક વર્ણને માટે એક પાદ ઓછું કરવું જોઇએ. આગળ જે ઋષિયોનાં વચનો લખ્યાં છે તેમાં ગોમાંસભક્ષણ યવન, મ્લેચ્છ પતિતની પંક્તિમાં અથવા તેની સાથે અથવા તેનું એઠું ભોજન કરવું, અપેયપાન, અશુચિનો સંસર્ગ એ બધા અધર્મ સંસર્ગ પતિત થવાનાં કારણો છે. તેથી એ વાતોને અશુધ્ધ કહી છે. તેથીજ કહ્યું છે કે "उपपातकमभ्यस्तं महापातकवद्भवेत्" ઉપપાતકોને વારંવાર કરવાથી તે મહાપાતકની સમાન થાય છે. આમાંની એક પણ જો કોઇ જ્ઞાનપૂર્વક (જાણીજોઇને) ઘણો વખત કરે તો તેથી તે સ્વજાતિથી ભ્રષ્ટ થઇ જાય છે. એટલા માટે એવા આદમીનો વર્ણાશ્રમધારી લોકોએ ત્યાગ કરવો ઉચિત છે. તેથી ધર્મ શાસ્ત્રકારોએ સમુદ્ર યાનને અનેક મોટા મોટા અનર્થો ઉત્પત્તિ કરવાવાળા જાણી એવી સંમતિ આપી છે કે " સમુદ્રયાન કરનાર પ્રાયશ્ચિત્ત કરે તો પણ તે ન્યાત જાતના ખાનપાનાદિ વ્યવહારને યોગ્ય થતો નથી " ધર્મને તથા સમયને જાણનાર ઋષિ મુનિયોએ કલિકાલના પ્રારંભમાં લોકરક્ષાને વાસ્તે ધર્મનો વિચાર કરી એવી વ્યવસ્થા કરી નીચે જણાવેલી બાબતોને આ કલિકાલમાં વર્જિત કરવા આજ્ઞા કરી છે. પરાશર માધવીયમાં લખ્યું છે કે " આતતાયી બ્રાહ્મણને, ધર્મ યુધ્ધમાં મારનારને, દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રિ, અને વૈશ્ય,) નું સમુદ્રમાં વહાણ મારફતે જનારને (એમ કરવાવાળા ભ્રષ્ટજ રહે છે) કદી

શુદ્ધિ પણ કરવામાં આવે અર્થાત્ પ્રાયશ્ચિત્ત કરવામાં આવે તો પણ " ન્યાત જાતના ખાન પાનાદિ વ્યવહારને યોગ્ય તે થઇ શકતા નથી " આ વચનથી સ્પષ્ટ સમજાય છે કે મહાત્મા લોકોએ એવા પતિત થયેલાનો દૂરથીજ ત્યાગ કરવો ઉચિત કહ્યો છે. વળી દ્વીપાંતર ગમનમાં દ્વિજ ધર્મથી ચારે વર્ણાશ્રમના ધર્મથી તેમજ નિયત, નિત્ય, નૈમિત્તક આદિ આચારથી ઘણા દિવસો સુધી ભ્રષ્ટ રહેવાથી દ્વિજ અધમ (પતિત) બને છે તો પછી પ્રતિ ક્ષણે મ્લેચ્છનાં આચરણ પૂર્વોક્ત અધમ આચરણની સાથે કરવાથી કેમ પતિત ન થાય ? ' થાયજ ' હવે આ શાસ્ત્રાર્થનો ખુલાસો એવો થાય છે કે એવા ખરાબ આચરણોમાંનું એક પણ જો થોડા દિવસ કરવાથી શાસ્ત્રાનુસાર પતિત થવાનું તે કારણ થઇ પડે છે તો ઘણા દીવસ સૂધી જ્ઞાનપૂર્વક (જાણી બુઝીને) એવાં બુરાં આચરણોમાં જે લોક રહે, તો પછી તેનાં ભ્રષ્ટ થવાનાં કારણ સાધારણ લોક પણ સહેલથી જાણી શકે તેમ છે તો પછી બહુ કહેવામાં શું સાર ? માટે ત્રૈવર્ણિકોએ સ્વધર્મની રક્ષા માટે પરદ્વીપ ગમન કરનાર તથા તેના સંસર્ગીનો ત્યાગ અવશ્ય કરવો જોઇએ એમ આ શાસ્ત્રાર્થનો ખરો સિદ્ધાન્તછે અર્થાત તેવાઓની સાથે ન્યાતજાતના ખાનપાનાદિ વ્યવહાર ન કરવા જોઇએ. इति शिवम्.

१ त्रैवर्णिकैस्त्रैवर्णिकग्राह्यजलकशूद्रैश्च द्वीपान्तरे नगन्तव्यमित्यत्र शिवकुमारशर्मणः सम्मतिः ॥

२ पण्डित शिवनारायण ओझा ॥

३ सम्मतिरेतदर्थे श्रीत्रिविक्रमत्रिवेदिनोऽत्रसंसर्गसंसर्गिणां प्राकाश्यं प्रायश्चित्तं कर्तव्यं न रहस्यम् ॥

४ ईदृशार्थे सम्मतिः कैलासचन्द्रशर्मणः ॥

५ अत्रसम्मतिः श्रीराखालदासदेवशर्मणः ॥

६ महामहोपाध्याय श्री शिवकुमार शास्त्रि निर्णीतार्थे सम्मतिः रामकृष्णशास्त्रिणः ॥

७ श्रीजयदेवमिश्राः ॥

८ सम्मनुतेत्र व्यवस्थापितमर्थं छपरास्थराजकीयपाठशालीयसंस्कृताध्यापकः श्रीरघुनन्दन त्रिपाठी ॥

९ सम्मतिरत्रार्थे श्रीहरिवंशदत्तशर्मणः ॥

१० श्रीमत्सूरिशिरोरत्न शिवकुमार शास्त्रि सम्मतार्थे सम्भूता (समहुता) नगरनिवासि यशोदानन्द शर्मणः सुसम्मतिः ॥

११ अत्रत्येषु सर्वेष्वर्थेषु सम्मतिरथरीग्रामवासि ठक्कुरोपनाम पंडित पञ्चानन श्रीमुक्तिनाथ शर्मणः ॥

१२ सम्मतिरत्र सीताराम शास्त्रिणः ॥

१३ ,, श्री प्रियनाथ देवशर्मणः ॥

१४ सम्मतिरत्र वामाचरण शर्मणः ॥

१५ ,, श्रीशङ्किकर देवशर्मणः ॥

१६ सम्मतिरत्रार्थे नागेश्वरपन्तधर्माधिकारिणः ॥

१७ चातुर्वर्ण्यव्यवस्थांहठात्समुन्मूलयन्तो म्लेच्छदेशे-
समुद्रमार्गेण गत्वा स्वस्वजातिविरुद्धं चिरकाल
माचरन्तो न व्यवहार्या इतिसंमनुते पट्टवर्द्धनोपा
ह्वस्तात्याशास्त्री ॥

१८ ,, दामोदर शास्त्रीच ॥

१९ ,, सुधाकर द्विवेदीच ॥

२० ,, पं. भागवताचार्याणां सम्मतिः ॥

२१ ,, स्वामी राममिश्र शास्त्री ॥

સમાપ્ત.

મુદ્રક—પ્રભાશ . ' જયશંકર પાઠક. નં. ૩ ઠાકુરદ્વાર
મુંબઇમાં પૂ. હરે કંપની પ્રિંટીંગ પ્રેસમાં છાપ્યું
પ્રકાશક—શ્રીયુત દયાશંકર દેવશંકર દવે. બી.
ટેંકરોડ, મુસા બીલ્ડીગ. મુંબઇ. ૪